
રાજસ્થાન વિશેષ

# રાજસ્થાનઃ યુનેસ્કો હેરિટેજ સાઈટ્સ

## અમૂલ્ય સંસ્કૃતિનું સંરક્ષણ


પ્રકૃતિ જતન અને સાંસ્કૃતિક વારસાની દૃષ્ટિએ રાજસ્થાનનો ઈતિહાસ ખાસ્સો સમૃદ્ધ છે.



કુંભલગઢ વન્યપ્રાણી અભયારણ્યમાં ફેલાયેલી પ્રાચીન વનમાળા પરથી ઊંચા આકાશમાંથી બાજનું બચ્ચું ઉડાન ભરે છે. એની ચિંતિત મા એની પાછળ ઊડે છે... ને બન્ને સાથે વાદળને ચીરતાં ઊડી છેલ્લે કિલ્લાના બુરજ પર ઊતરે છે. પ્રાચીન કાળના અવશેષોથી ભરેલો આ કિલ્લો મેવાડની ‘સેકન્ડ લાઈન ઑફ ડિફેન્સ’ તરીકેની ભૂમિકા ભજવે છે. એની વિશાળ રક્ષણાત્મક દીવાલ વિશ્વમાં ચીનની ગ્રેટ વૉલ પછી લંબાઈની દૃષ્ટિએ બીજા ક્રમે આવે  છે. સાઉન્ડ અને લાઈટ શો દ્વારા એના ગૌરવના દિવસો ફરીથી અનુભવવા માટે પર્યટકો અહીં મોટી સંખ્યામાં ઊમટી પડે છે. એક સમયે એની ભવ્ય દીવાલો યુદ્ધમાં મળેલા વિજયથી પોરસાયેલા જાંબાઝ યોદ્ધાની ચિચિયારીની સાક્ષી રહી તો આજે વાર્ષિક કુંભલગઢ ફેસ્ટિવલ દરમિયાન યોજાતી મૅરેથોનમાં ભાગ લેતા સ્પર્ધકના વિજેતા દોડવીરો આનંદમાં ચીસો પાડે છે.

રાજસ્થાનના આ પ્રાચીન વારસાનું સંરક્ષણ કરવાના ધ્યેયથી તેમ જ વિશ્વના ઈતિહાસમાં એના મહત્ત્વને દર્શાવવા **કુંભલગઢ કિલ્લા**ને ‘યુનાઈટેડ નૅશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઑર્ગેનાઈઝેશન’ (યુનેસ્કો) દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ તરીકે દરજ્જો મળ્યો છે. સંસ્કૃતિ અને કળાથી છલકાતું આ સ્થાપત્ય ભાવિ પેઢી માટે સાંસ્કૃતિક સમૃદ્ધિની એક રૂપરેખા અને ઈતિહાસની રચનાના એક ઉદ્ગમસ્થાન તરીકે અડીખમ ઊભું છે. **ચિત્તોડગઢનો કિલ્લો**, સવાઈ માધોપુર જિલ્લામાં આવેલો **રણથંભોર કિલ્લો**, ઝાલાવાડનો **ગાગ્રોન કિલ્લો** તેમ જ જયપુરના **આમેર કિલ્લા**ની સમકક્ષ વૈશ્વિક કીર્તિ મળી છે. આ બધા જ કિલ્લા લશ્કરી સ્થાપત્યો તરીકે પ્રખ્યાત છે. હિલ ફોર્ટ્સના સમૂહ તરીકે ઓળખાતા છ ઘટકો એકસાથે એક સંપૂર્ણ અને સુસંગત જૂથ બનાવે છે કે જે જુદાં જુદાં શહેરોમાં ઊભા કરવામાં આવ્યા હતા. આ સ્થાપત્યો યુનેસ્કો દ્વારા ૨૦૧૩માં પ્રમાણિત કરવામાં આવેલાં વિશ્વવ્યાપી મૂલ્યોના ગુણધર્મોને પ્રદર્શિત કરે છે. આ રીતે યુનેસ્કો દ્વારા પ્રથમ વખત કોઈ સ્થાપત્યોને આ શ્રેણીમાં ઊભી કરવામાં આવેલી સાંસ્કૃતિક સંપત્તિ તરીકેની ઓળખ મળી હતી.

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકેની પ્રતિષ્ઠા એ કોઈ સ્થાપત્યનાં સંરક્ષણ, જાળવણી અને વૈશ્વિક સિદ્ધિ મેળવવાની પ્રક્રિયામાં મહત્ત્વનો ફાળો આપે છે. રાજસ્થાનમાં ઘણાં સ્થળો છે, જે આ દાવાને યોગ્ય સાબિત થયાં છે. ‘યુનેસ્કો સાઈટ’ તરીકેની ઓળખાણ એ ત્રણ વર્ગો હેઠળ આવે છેઃ પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને મિશ્ર અને દરેક માટે અમુક ચોક્કસ માપદંડ છે. પ્રાકૃતિક હેરિટેજ તરીકેની માન્યતા કોઈ ઉત્તમ કુદરતી ઘટના અથવા પરિબળો માટે આપવામાં આવે છે. સાઈટમાં જૈવિક વિવિધતાના સંરક્ષણ માટે સૌથી મહત્ત્વપૂર્ણ અને નોંધપાત્ર પ્રાકૃતિક આવાસો હોવા જોઈએ, જેમાં વિજ્ઞાન અથવા સંરક્ષણના દૃષ્ટિકોણથી લુપ્ત થતી પ્રજાતિઓ સામેલ હોવી જોઈએ, જેમ કે રાજસ્થાનનું



**દેશના સૌથી વિશાળ કિલ્લાની યાદીમાં બિરાજતો કુંભલગઢ એની ભવ્યતા માટે પણ જાણીતો છે.**



**ચિત્તોડગઢ ફરતેની સંરક્ષણાત્મક પથરાળી દીવાલ.**



**જંતર-મંતરઃ એક વિદ્વાન રાજકુમારની દીર્ઘદૃષ્ટિ.**



**રણથંભોર કિલ્લાની અંદરના ભગ્ન અવશેષ.**

**કેવલદેવ ઘાના રાષ્ટ્રીય ઉદ્યાન.** સામાન્ય રીતે ભરતપુર પક્ષી અભયારણ્ય તરીકે ઓળખાતા આ રાષ્ટ્રીય ઉદ્યાનને ૧૯૮૫માં વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી હતી. ભરતપુરના મહારાજાઓ માટે બતકના શિકાર કરવા આરક્ષિત જાહેર કરવામાં આવેલી આ જગ્યા હવે ભારતના અગ્રણી આર્દ્રભૂમિ ક્ષેત્રમાંની એક છે, જે અફઘાનિસ્તાન, તુર્કમેનિસ્તાન, ચીન અને સાઈબિરિયાનાં જળચર પક્ષીઓને આકર્ષે છે. કેવલદેવમાં પક્ષીઓની ૩૭૫ પ્રજાતિ જોવા મળે છે અને અન્ય જીવસૃષ્ટિ પણ અહીં સારી રીતે વિકસી છે. આ કુદરતી રહેઠાણમાં ઘાસનાં મેદાનો, વનવિસ્તાર, એની ભેજવાળી જમીન તેમ જ જળાશયોનો સમાવેશ થાય છે.

આપણામાંથી ઘણાએ મહારાજા સવાઈ જયસિંહ દ્વિતીય દ્વારા આકાર આપવામાં આવેલા સુંદર રીતે આયોજિત જયપુર શહેરમાં ખરીદી કરવાનો અને ભાતભાતની વાનગીઓનો આનંદ માણ્યો છે, જેને વર્ષ ૨૦૧૯માં ‘યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ’ તરીકે સામેલ કરવામાં આવ્યું છે. સમૃદ્ધ વાતાવરણનો અનુભવ કરાવતી રાજસ્થાનની આ રાજધાની આશ્ચર્યજનક સંખ્યામાં રોમાંચક અનુભવ પૂરા પાડે છે, ખાસ કરીને પાર્કોટા અથવા પ્રાચીન ચોકની ચોતરફ ઘેરાયેલી દીવાલ અને અદ્ભુત દરવાજા. સાલ ૧૭૨૭માં એક વ્યાપારી રાજધાની તરીકે નિર્માણ પામેલું આ શહેર આજ સુધી એનો સ્થાનિક વ્યાપાર, કારીગરી અને સહકારી પરંપરા જાળવી રહ્યું છે. યુનેસ્કોની ‘બિલ્ટ હેરિટેજ કૅટેગરી’ એ સમાજની સૌથી મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક સંપત્તિનું પ્રતિનિધિત્વ કરે છે, કારણ કે એ માનવસમાજ દ્વારા ઈંટ, પ્લાસ્ટર, લાકડાં, ધાતુ અને પથ્થર જેવી સામગ્રીથી ઘડવામાં આવેલા એક માળખાકીય, આયોજિત પર્યાવરણને રજૂ કરે છે. આ પ્રકારના વારસામાં સ્મારકો, મંદિરો, ચર્ચ, મહેલો, હવેલીઓ, સંગ્રહાલયો, બજારો, વાવ, રેલવે, પુલ અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ પુરાતત્ત્વીય સ્થળો પણ સામેલ હોઈ શકે છે.

ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વથી ભરપૂર **જંતર-મંતર**ને યુનેસ્કોની યાદીમાં ૨૦૧૦માં સ્થાન આપવામાં આવ્યું હતું. અદ્ભુત ઈજનેરી કળાના પ્રતીક જેવું આ સ્થાપત્ય મહારાજા સવાઈ જયસિંહ દ્વિતીયના અદ્વિતીય વિચારોને પગલે નિર્માણ પામ્યું. ૧૭૩૪માં રચવામાં આવેલી આ ખગોળશાસ્ત્રીય માટેની નિરીક્ષણ સાઈટમાં ૧૯ નિશ્ચિત સાધનોનો સમાવેશ છે. યુનેસ્કો નોંધે છે કે અહીં ચણતરના કામ માટે જાણીતાં સાધનોનાં નોંધપાત્ર ઉદાહરણ છે, પરંતુ એ ઉપરાંત પણ આ સ્થાપત્ય પોતાની આગવી વિશેષતા ધરાવે છે. નરી આંખ સાથે ખગોળશાસ્ત્રની સ્થિતિના નિરીક્ષણ માટે રચાયેલાં આ ઉપકરણો સ્થાપત્યની અને સાધનની દૃષ્ટિએ એક અનોખું નવીનીકરણ નોંધે છે. ભારતનાં ઐતિહાસિક નિરીક્ષણોનું આ સૌથી નોંધપાત્ર, સૌથી વ્યાપક અને શ્રેષ્ઠ સંરક્ષણ છે. એ મુઘલ સમયગાળાના અંતમાં એક વિદ્વાન રાજકુમારના દરબારની ખગોળશાસ્ત્રની કુશળતા અને વિશ્વશાસ્ત્રને લગતી વિભાવનાઓની અભિવ્યક્તિ છે. જયપુરમાં જંતર-મંતર એ બ્રહ્માંડ, સમાજ અને માન્યતાઓનાં નિરીક્ષણોના જોડાણનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. મધ્યયુગીન વિશ્વમાં ઊભી કરવામાં આવેલી વેધશાળા દ્વારા નોંધવામાં આવેલા વૈજ્ઞાનિક અને તકનિકી ધારણાના ઉત્કૃષ્ટ પુરાવા આપે છે.

ગ્રહણોની આગાહી કરવી, પૃથ્વીના સૂર્યની આસપાસના ભ્રમણના આધારે તારાઓનું સ્થાન શોધવું, નક્ષત્રોની સ્થિતિ સમજવી અને અવકાશી ઘટનાઓની કૃતિ સમજવા સહિત જંતર-મંતરે તે સમયના ભારતીય ખગોળવિદોને બ્રહ્માંડની



**નાહરગઢના કિલ્લા પરથી જુઓ 'પિન્ક સિટી' જયપુર કેટલું રળિયામણું દેખાય છે!**

અનેક અવકાશી ઘટનાઓ જાણવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું.

૨૦૧૦ની સાલમાં યુનેસ્કો દ્વારા રાજસ્થાનનાં **કલબેલિયા લોકગીતો અને નૃત્યો**ને માનવસમાજ દ્વારા ઘડવામાં આવેલા અતુલ્ય સાંસ્કૃતિક ધરોહરની સૂચિમાં સામેલ કરવામાં આવ્યાં હતાં. આ કળાઓને કલબેલિયા સમુદાયની પરંપરાગત જીવનશૈલીની અભિવ્યક્તિ તરીકે વખાણવામાં આવે છે. કલબેલિયા સમુદાય એની સાપની ચાલ જેવી નૃત્યની શૈલી માટે પ્રખ્યાત છે અને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરે છે. ખરેખર એ જાણીને કોઈ આશ્ચર્ય ન થાય કે પરંપરા મુજબ કલબેલિયા વ્યાવસાયિક રીતે સાપ સંભાળનારા છે. યુનેસ્કો સાઈટ નોંધે છે કે પેઢી દર પેઢી શીખવવામાં આવતાં ને પ્રસારિત થતાં ગીતો અને નૃત્યો મૌખિક પરંપરાનો એક ભાગ છે, જેના માટે કોઈ લેખિત પાઠ અથવા તાલીમ માર્ગદર્શિકા અસ્તિત્વમાં નથી. ગીત અને નૃત્ય એ કલબેલિયા સમુદાય માટે ગૌરવની બાબત છે. એમની પરંપરાગત હરતીફરતી જીવનશૈલી અને ગ્રામીણ સમાજમાંની ભૂમિકા ધીરે ધીરે લુપ્ત થતી જાય છે, જે એ સમયની એમની ઓળખની નિશાની છે. એ એમના સમુદાયના સાંસ્કૃતિક વારસાને પુનર્જીવિત કરવા અને બદલાતી સામાજિક-આર્થિક પરિસ્થિતિ મુજબ પોતાને પણ ઢાળવા માટેનો પ્રયાસ દર્શાવે છે.

યુનેસ્કોની અમૂર્ત હેરિટેજ કૅટેગરી તરીકેની માન્યતાનો આધાર છે કે એ સ્થાપત્યમાં જીવંત અથવા અદૃશ્ય થઈ ગયેલી આગવી સાંસ્કૃતિક પરંપરા હોવી જોઈએ કે એનો પુરાવો આપતી હોવી જોઈએ અને કલબેલિયા એનો જીવંત પુરાવો છે.



**કલબેલિયા સમુદાયની સ્ત્રીઃ અનોખી નૃત્યશૈલી.**

યુનેસ્કોની યાદીમાં સ્થાન મળવાથી વિશ્વવ્યાપી વારસો અને સંસ્કૃતિનાં જતન અને સંરક્ષણ માટે આપવામાં આવતું પ્રોત્સાહન જોઈ રાજસ્થાન સરકારે પણ તાજેતરના એક પગલામાં સમુદાય આધારિત પ્રવાસનને પ્રોત્સાહન આપવા એની સાથે હાથ મિલાવ્યા છે. સાડા ત્રણ વર્ષ ચાલનારા આ પ્રોજેક્ટનો હેતુ છે લાંબા સમયથી જીવંત રાજસ્થાની પરંપરાઓને પ્રોત્સાહન આપવું અને પ્રવાસીઓ માટે નવાં સાંસ્કૃતિક સ્થળો ઉમેરવાં. જોધપુર, બાડમેર, જેસલમેર અને બિકાનેર જિલ્લામાં એનો અમલ કરવાની યોજના છે.

આનો અર્થ એ છે કે રાજ્યની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર એવાં અહીંનાં ગીતો, જેમ કે લેંગા, માંગણિયાર, મિરાસી અને ભોપા, કલબેલિયા અને ગૈર નૃત્યો, સારગ્રાહી માટીકામ, કાપડની બનાવટના ઉદ્યોગો અને શણગારકામ કે જે જોધપુર, બાડમેર, જેસલમેર અને બિકાનેર જેવા જિલ્લાઓનાં ગામોમાં કરવામાં આવે છે. એમનાં સાંસ્કૃતિક પદચિહ્નને વધારવા અને વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહન પૂરાં પાડશે. એ ગ્રામીણ કલાકારોના સમુદાયો અને કલા સ્વરૂપોની સુરક્ષાની મહત્ત્વની ભૂમિકા ભજવશે અને સાથે સાથે પ્રવાસીઓના આનંદ માટે નવા સ્રોતો પણ ઊભા કરશે. ◻